©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] SATURDAY, 06th DECEMBER, 2025/AGRAHAYAN 15, 1947 [No. 8277

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

રાજકોટ મહાનગરપાલિકા

અધિસુચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ તથા નિયમો-૧૯૭૯

મુસદ્દારૂપ નગર રચના યોજના રાજકોટ નં. ૪૪-મોટામવા

રા.મ્યુ.કો./મધ્યસ્થ ટી.પી.ઓ./સે.ઝો.જા.નં. : ૧૩૮૪.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઈઓ મુજબ રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભાએ તા. ૨૦-૦૫-૨૦૨૫નાં ઠરાવ નં.૧૩ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૪-મોટામવા તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરેલ છે. આ યોજનામાં નીચે પ્રમાણેના રેવન્યુ સર્વે નંબર તથા તેના પેટા ભાગોના વિસ્તારોનો સમાવેશ થાય છે.

ગામ મોટામવાનાં રેવન્યુ સર્વે નં. ૮૯,૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪ તથા સરકારી ખરાબાના ૧૮૦/પૈકીની જમીન.

આથી નિયમો-૧૯૭૯નાં નિયમ નં.૧૭ની જોગવાઈ હેઠળ ઉપરોકત યોજના નં.૪૪-(મોટામવા)ની જમીનોની કામચલાઉ દરખાસ્તો ઘડીને જમીન માલીકોની સભા તા.૦૫-૧૨-૨૦૨૫ ને શુક્રવારનાં રોજ બોલાવવામાં આવેલ હતી. જેમાં જમીન માલીકો તથા હિત સંબંધ ધરાવનાર આસામીઓને યોજનાની દરખાસ્તો અંગે વિસ્તૃત સમજુતી આપવામાં આવેલ. શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ પેટાકલમ(૧)(૨) તથા નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૮ ની જોગવાઈઓ હેઠળ યોજનાનો મુસદ્દો ઘડીને યોજનાની જોગવાઈઓને પાર પાડવા માટેના વિનિયમોનો મુસદ્દો એકસ્ટ્રા ઓર્ડીનરી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસની અંદર આ યોજના હેઠળ અસર પામેલ કોઈ વ્યકિત કે હિત સંબંધ ધરાવતી વ્યકિત આવી યોજના અંગેના કોઈ વાંધા સુચનો રાજકોટ મહાનગરપાલિકાને લખી જણાવશે તો મહાનગરપાલિકા અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૭ની જોગવાઈ હેઠળ યોજનામાં ગુણવતાના ધોરણે યોગ્ય લાગે તેવા ફેરફારો વિચારણામાં લેશે.

રાજકોટ મહાનગરપાલિકાના જ.બો.ઠ.નં. જ.બો.ઠ.નં.૧૩ તા.૨૦-૦૫-૨૦૨૫થી ઠરાવ્યા મુજબ રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રીને આ યોજનાને લગતી હવે પછીની તમામ કાર્યવાહી જેવી કે કલમ-૪૨ હેઠળની પ્રસિદ્ધિ, કલમ-૪૭ હેઠળ વાંધા સુચનોની વિચારણા કરવા તેમજ તેને આનુસાંગિક તમામ કાર્યવાહી કરવા સત્તા આપી અધિકૃત કરવામાં આવેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના રાજકોટ નં. ૪૪-મોટામવાનો મુસદ્દો, વિનિયમો, નકશા વિગેરે રાજકોટ મહાનગરપાલિકા, ડો.આંબેડકર ભવન, સેન્ટ્રલ ઝોન કચેરી, મધ્યસ્થ ટી.પી.શાખા, ત્રીજો માળ, ઢેબર રોડ, રાજકોટ ખાતે આવેલ કચેરીમાં રજા સિવાયના દિવસોએ કચેરીનાં સમય દરમ્યાન જોવા મળી શકશે તથા તે અંગે યોગ્ય સમજુતી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે કલમ-૪૨ હેઠળ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રણ માસની અંદર અધિનિયમની કલમ-૪૮ની જોગવાઈઓ હેઠળ મંજુરી અર્થે સરકારશ્રીને સાદર કરવામાં આવશે. જેની સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.

સહી/- અવાચ્ય
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

રાજકોટ મહાનગરપાલિકા

અધિસુચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ તથા નિયમો-૧૯૭૯
મુસદ્દારૂપ નગર રચના યોજના રાજકોટ નં.૪૬(ઘંટેશ્વર)

રા.મ્યુ.કો./મધ્યસ્થ ટી.પી.ઓ./સે.ઝો.જા.નં. : ૧૩૮૪.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) ની જોગવાઈઓ મુજબ રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભાએ તા.૨૦-૦૫-૨૦૨૫નાં ઠરાવ નં.૦૭ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૬(ઘંટેશ્વર)તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરેલ છે. આ યોજનામાં નીચે પ્રમાણેના રેવન્યુ સર્વે નંબર તથા તેના પેટા ભાગોના વિસ્તારોનો સમાવેશ થાય છે.

ગામ ઘંટેશ્વરનાં રેવન્યુ સર્વે નં. ૧, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૭૯, તથા સરકારી ખરાબાના રે.સ.નં. ૧૫૦/પૈકીની જમીન

આથી નિયમો-૧૯૭૯નાં નિયમ નં.૧૭ની જોગવાઈ હેઠળ ઉપરોકત યોજના નં. ૪૬(ઘંટેશ્વર)ની જમીનોની કામચલાઉ દરખાસ્તો ઘડીને જમીન માલીકોની સભા તા.૦૫-૧૨-૨૦૨૫ ને શુક્રવારનાં રોજ બોલાવવામાં આવેલ હતી. જેમાં જમીન માલીકો તથા હિત સંબંધ ધરાવનાર આસામીઓને યોજનાની દરખાસ્તો અંગે વિસ્તૃત સમજુતી આપવામાં આવેલ. શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ પેટાકલમ(૧)(૨) તથા નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૮ ની જોગવાઈઓ હેઠળ યોજનાનો મુસદ્દો ઘડીને યોજનાની જોગવાઈઓને પાર પાડવા માટેના વિનિયમોનો મુસદ્દો એકસ્ટ્રા ઓર્ડીનરી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસની અંદર આ યોજના હેઠળ અસર પામેલ કોઈ વ્યકિત કે હિત સંબંધ ધરાવતી વ્યકિત આવી યોજના અંગેના કોઈ વાંધા સુચનો રાજકોટ મહાનગરપાલિકાને લખી જણાવશે તો મહાનગરપાલિકા અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૭ની જોગવાઈ હેઠળ યોજનામાં ગુણવતાના ધોરણે યોગ્ય લાગે તેવા ફેરફારો વિચારણામાં લેશે.

રાજકોટ મહાનગરપાલિકાના જ.બો.ઠ.નં. જ.બો.ઠ.નં.૦૭ તા.૨૦-૦૫-૨૦૨૫થી ઠરાવ્યા મુજબ રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રીને આ યોજનાને લગતી હવે પછીની તમામ કાર્યવાહી જેવી કે કલમ-૪૨ હેઠળની પ્રસિદ્ધિ, કલમ-૪૭ હેઠળ વાંધા સુચનોની વિચારણા કરવા તેમજ તેને આનુસાંગિક તમામ કાર્યવાહી કરવા સત્તા આપી અધિકૃત કરવામાં આવેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના રાજકોટ નં. ૪૬(ઘંટેશ્વર)નો મુસદ્દો, વિનિયમો, નકશા વિગેરે રાજકોટ મહાનગરપાલિકા, ડો.આંબેડકર ભવન, સેન્ટ્રલ ઝોન કચેરી, મધ્યસ્થ ટી.પી.શાખા, ત્રીજો માળ, ઢેબર રોડ, રાજકોટ ખાતે આવેલ કચેરીમાં રજા સિવાયના દિવસોએ કચેરીનાં સમય દરમ્યાન જોવા મળી શકશે તથા તે અંગે યોગ્ય સમજુતી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે કલમ-૪૨ હેઠળ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રણ માસની અંદર અધિનિયમની કલમ-૪૮ની જોગવાઈઓ હેઠળ મંજુરી અર્થે સરકારશ્રીને સાદર કરવામાં આવશે. જેની સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.

સહી/- અવાચ્ય
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.12.08 14:57:25 IST